ક્રમાંક:ઉ.શિ.ક./કેસીજી/યોગ/૨૦૧૮/૮-૨૮
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા.૦૬/૦૬/૨૦૧૮

પ્રતિ,

(૧) રજીસ્ટ્રારશ્રી,
તમામ યુનિવર્સીટી (સરકારી અને ખાનગી),
ગુજરાત રાજ્ય.

(૨) આચાર્યશ્રી,
રાજ્યની તમામ કોલેજો (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર),
ગુજરાત રાજ્ય.

વિષય: તા.૨૧/૦૬/૨૦૧૮ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા બાબત.

સદર્ભ (૧) રમતગમત, યુવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગુજરાત રાજ્યનો તા.૧૫/૦૫/૨૦૧૮ના રોજ મળેલ પત્ર ક્રમાંક.એસએજી-૧૦૨૦૧૮-ભા.સ-૮-બ.

(૨) રમતગમત, યુવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગુજરાત રાજ્યનો તા.૨૨/૦૫/૨૦૧૮ના રોજ મળેલ પત્ર ક્રમાંક.એસએજી-૧૦૨૦૧૮-૭૧૩-બ.

શ્રીમાન,

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ વિદ્યા યોગને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરવામાં આવેલ છે, તેમજ પ્રતિ વર્ષ ૨૧ જુનને "વૈશ્વિક યોગ દિવસ" તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા યોગ વિદ્યાની મૂળભૂમિ ભારત દેશમાં આ દિવસે દરેક ગામમાં અને શહેરમાં વિવિધ સ્થળોએ યોગ અંગેના વિરાટ અને વિસ્તૃત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. તેમજ રાજ્ય સરકારે પણ ૨૧મી જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે.

ગુજરાત સરકાર દ્વારા પણ રાજ્યની તમામ યુનિવર્સીટીઓ અને યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજો (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર)માં ૨૧મી જુન ૨૦૧૮નાં રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ભવ્ય રીતે થાય તે માટે તા.૧૧/૦૬/૨૦૧૮ થી તા.૨૦/૦૬/૨૦૧૮ સુધી ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટ્યુટ ઓફ સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ ઇન્ફોર્મેટીક (બાયોગેસ) સંધાન દ્વારા પ્રતિદિન સવારે ૦૭.૦૦ કલાકથી દર એક કલાકના અંતરે સાંજના ૫ વાગ્યા સુધી આયુષ આધારિત કોમન યોગા પ્રસારણ કરાશે. તે મુજબ યોગા દિવસની ઉજવણી માટે તાલીમ અને યોગા દિવસની ઉજવણી આયોજિત કરવાની થાય છે.

આ યોગા દિવસની ઉજવણી માટે તા.૧૨/૦૬/૨૦૧૮ થી તા.૨૦/૦૬/૨૦૧૮ દરમ્યાન કોલેજ અને યુનિવર્સીટી કક્ષાએ તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા સ્ટાફ માટે યોગાભ્યાસ અંગેની તાલીમનું આયોજન કરવાનું રહેશે.

તા.૨૧ જુન "વૈશ્વિક યોગ દિવસ"નાં તમામ કોલેજો અને યુનિવર્સીટીઓમાં યોગ નિદર્શન કાર્યક્રમ આયોજીત કરવાના રહેશે. આ ઉજવણી માટે "AYUSH" દ્વારા પ્રસારિત કરવામાં આવેલ Common Yoga Protocolનું પુસ્તક અને વિડીયો સી.ડી. માર્ગદર્શિકા પ્રમાણે જ તમામ સ્તરે યોગનું નિર્દર્શન કરવાનું રહેશે. જેની માહિતી આયુષની

વેબસાઇટ www.indianmedicine.nic.in પરથી મેળવી શકાશે. યોગ નિદર્શનમાં ભાગ લેતા નાગરિકો તથા વિદ્યાર્થીઓ માટે ડ્રેસકોડ તરીકે સફેદ હળવા વસ્ત્રો રહે તેવું ઇચ્છનીય છે તેમ છતા યોગાસનો કરવા માટે અનુકૂળ વસ્ત્રો હોય તે સૂચિત કરવાનું રહેશે. કોલેજો માટે પ્રિન્સિપાલશ્રી, નોડલ અધિકારી તેમજ અધ્યાપકશ્રીને સહ નોડલ અધિકારી તરીકે તેમજ યુનિવર્સીટી કક્ષાએ પણ રજીસ્ટ્રારશ્રી નોડલ અધિકારી તરીકે તેમજ યુનિવર્સીટીનાં અન્ય અધિકારીશ્રીને સહ નોડલ અધિકારી નિયુક્ત કરવાના રહેશે. નોડલ અધિકારીશ્રીએ આ યોગ દિવસની ઉજવણી નિર્ધારિત રીતે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

રાજ્યની તમામ કોલેજો તથા યુનિવર્સીટીઓએ પોતાની સંસ્થામાં ૨૧મી જુને યોગા દિવસની ઉજવણી માટે આયોજીત કરેલ કાર્યક્રમની આંકડાકીય માહિતી તા.૨૧/૦૬/૨૦૧૮નાં સવારના 10:00 કલાક સુધીમાં www.egyan.org.in પર આપવામાં આવેલી https://goo.gl/forms/X5r8wyehUWFZXbl92 લીંકમાં આપવાની થાય છે તથા આ આયોજીત કાર્યક્રમનાં સારી ગુણવત્તાનાં ફોટોગ્રાફ્સ yogaday2018.kcg@gmail.com ઇમેઇલ આઇડી પર કોલેજનું નામ, સરનામું અને જીલ્લો દર્શાવીને તા.૨૧/૦૬/૨૦૧૮નાં રોજ સવારના ૧૦ કલાક સુધીમાં ઇમેઇલ કરવાના થાય છે અને આ સાથે સામેલ પત્રકની માહિતી હાર્ડ કોપીમાં ભરીને તા.૨૪/૦૬/૨૦૧૮ સુધીમાં ડો.યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી, એક્સ્ટેન્શન, કેસીજી, અમદાવાદ ટપાલથી મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

ઉચ્ચ શિક્ષણ નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના યોગ્ય કાર્યવાહી સારૂં:
(૧) અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૨) કુલપતિશ્રી, રાજ્યની તમામ યુનિવર્સીટીઓ,

નકલ સવિનય રવાના જાણ સારૂં:
(૧) નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગાંધીનગર
(૨) કલેક્ટરશ્રી, તમામ જીલ્લા, ગુજરાત રાજ્ય
(૩) નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય
(૪) એડવાઇઝરશ્રી, કેસીજી, અમદાવાદ
(૫) ડો. યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી, એક્સ્ટેન્શન, કે.સી.જી, અમદાવાદ(કાર્યવાહી અને અમલ અર્થે)

**Veer Narmad South Gujarat University, Surat**

**No.: Y.W. & P.E./2017-18/10006** **Date 13/06/2018**

**Copy forwarded with Compliments to the Head of the Dept. & Principals of Surat City affiliated college for information and necessary action.**

**I/c. Registrar**

## તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ યોગ દિવસની ઉજવણીની આંકડાકીય માહિતી

| | |
|---|---|
| કોલેજનું નામ | |
| કોલેજનું સરનામું | |
| જીલ્લો | |
| આચાર્યશ્રીનું નામ અને ફોન નંબર | |
| સંલગ્ન યુનિવર્સીટીનું નામ | |
| કોલેજનો દરજ્જો | સરકારી/ અનુદાનિત/ સ્વ-નિર્ભર |
| વિદ્યા શાખા | આર્ટસ/ કોમર્સ/ સાયન્સ/ લો/ કાયદો/ મેડીકલ/ ટેકનીકલ/ ફાર્મસી/ પેરામેડીકલ/ અન્ય |

## તા.૧૭/૦૬/૨૦૧૮ થી તા.૨૦/૦૬/૨૦૧૮ના રોજ આયોજીત તાલીમની વિગતો

### ભાગ લેનારની સંખ્યા દર્શાવતુ પત્રક

| તારીખ | વિદ્યાર્થીઓ | | | આચાર્યશ્રી અને અધ્યાપકશ્રીઓ | | | વહીવટી સ્ટાફ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ |
| ૧૨/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |
| ૧૩/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |
| ૧૪/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |
| ૧૫/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |
| ૧૮/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |
| ૧૯/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |
| ૨૦/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |

## તા.૨૧/૦૬/૨૦૧૮ ના રોજ આયોજીત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની વિગતો

### ભાગ લેનારની સંખ્યા દર્શાવતુ પત્રક

| તારીખ | વિદ્યાર્થીઓ | | | આચાર્યશ્રી અને અધ્યાપકશ્રીઓ | | | વહીવટી સ્ટાફ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ |
| ૨૧/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |

કોલેજનો રાઉન્ડ સિક્કો

આચાર્યશ્રીનું નામ, સહી/સિક્કો

<u>નોંધ:</u>

આ પત્રક ગુજરાતી ભાષામાં ટાઈપ કરીને સહી/સિક્કા સાથે ફોલ્ડ કર્યા વિના ડૉ.યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી, એક્ષ્ટેન્શન, કેસીજી, અમદાવાદને તા.૨૪/૦૬/૨૦૧૮ સુધીમાં ટપાલથી મોકલી આપવા જણાવવામાં આવે છે.